For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## શ્વાસ અને પાણી માણસની પ્રાથમિક જરૂરિયાત છે પરંતુ સુરતમાં હવે પાણી જોઈને પણ ડર લાગે છે



ભટાર આઝાદનગર ચારે બાજુથી ખાડી પૂરના પાણીથી ઘેરાયેલું જોવા મળ્યું



બુધવારે પણ વેસુથી અલથાણ સુધી રસ્તો નહીં પણ નદી હોય તેવાં દ્રશ્યો



આઇસરની કેબિન પાણીમાં ડૂબી ગઇ એટલે અહીં હજી ૪ ફૂટ પાણી છે

■ સુરતમાં મંગળવારે વરસેલા વરસાદે ભારે ખાનાખરાબી સર્જી હતી. વરાછાથી લઇને વેસુ અને જહાંગીરપુરાથી લઇને ઉન સુધીના રસ્તા પાણીમાં ફેરવાઇ ગયા હતાં. જો કે, બુધવારે એક પણ ટીપું વરસાદ નહીં પડ્યો હોવા છતાં શહેરના અનેક વિસ્તારો ખાડીપુરના પાણીમાં ગરક થઇ ગયેલા જોવા મળ્યા હતાં. **(તસવીરો, હેમંત ડેરે, સતીષ જાદવ)**

### બે જ દિવસમાં 20થી 30 ઈંચ સુધી વરસાદ પડ્યા બાદ બુધવારે સુરતમાં

# ‘મેઘા’નો વિરામ, અનેક વિસ્તાર હજુ પાણીમાં

**સુરતમાં** 1500 કરોડના નુકસાનનો અંદાજ, બે દિવસમાં 3600થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું

**હજુ** પણ એપાર્ટ., શોપિંગ કોમ્પ્લેક્સના બેઝમેન્ટમાં પાણી, ભારે વરસાદમાં રેલવે સ્ટેશનના 3 મોટા ગર્ડર પણ તણાઈ આવ્યા

**હજુ** બે દિવસ વરસાદની આગાહી, તંત્રની સાવચેત રહેવા માટે અપીલ, અસરગ્રસ્તોનો સરવે કરવા આદેશ

સુરતઃ સતત બે દિવસ સુધી ધમરોળ્યા બાદ ‘રેડ એલર્ટ’ વચ્ચે આખરે રાત્રે બે ઈંચ પડ્યા બાદ બુધવારે વરસાદે સુરતમાં વિરામ લીધો હતો. બે દિવસ સુધી પડેલા ભારે વરસાદે આખા સુરતને પાણીમાં ડૂબાડી દેવાની સાથે સાથે પાણી ભરાઈ જવાને કારણે 1500 કરોડથી પણ વધુનું નુસાન થવા પામ્યું છે. વરસાદ અને ખાડીપૂરને કારણે બુધવારે પણ સુરતના અનેક વિસ્તારોમાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. બુધવારે સુરતમાં આશરે 46 વિસ્તારો એવા હતા કે જેમાં પાણી ભરાયેલા હતા. પાણી ભરાઈ જવાને કારણે બે દિવસમાં સુરતમાં આશરે 3600થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

વરસાદના વિરામને પગલે બુધવારે લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. સાથે સાથે સુરતમાં જનજીવન પણ સામાન્ય બનવા માંડ્યું હતું. બેઝમેન્ટમાં ભરાયેલા પાણી ડિ-વોટરિંગ પંપથી કાઢવાની કામગીરી અનેક વિસ્તારોમાં શરૂ કરવામાં આવી હતી. પાણી ઓસરતાં મનપા તંત્ર દ્વારા સફાઈ અને દવા છાંટવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. બીજી તરફ ભારે વરસાદને કારણે શહેરના વરાછા, ભટાર, અડાજણ, પાલનપુર, ઉધના, લિંબાયત અને કતારગામ જેવા તમામ મુખ્ય વિસ્તારોમાં આવેલી હજારો દુકાનોના બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોરમાં કમર સુધી પાણી ભરાઈ ગયા હતા. આ પૂરના કારણે કાપડ, ઈલેક્ટ્રોનિક્સ, કરિયાણું, ફર્નિચર અને મોબાઈલ સહિતનો લાખો રૂપિયાનો કિંમતી માલસામાન, કમ્પ્યુટર તેમજ મોંઘી મશીનરીઓ પાણીમાં ગરકાવ થઈને સંપૂર્ણ નાશ પામતાં 1500 કરોડથી વધુનું નુકસાન થવા પામ્યું છે. પાણી ઓસર્યા બાદ જામી ગયેલા કાદવ-કીચડના થર સાફ કરવામાં પણ વેપારીઓને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

વરસાદ દરમિયાન રેલવે સ્ટેશન વિસ્તારની સ્થિતિ સૌથી વધુ ભયાનક રહી હતી, જ્યાં અંદાજે 6 થી 7 ફૂટ જેટલા પાણી ભરાઈ જતાં સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો હતો. પાણીનો વહેણ એટલો પ્રચંડ હતો કે ભારે વજન ધરાવતા લોખંડના 3 જેટલા મોટા ગર્ડર પણ તણાઈને દુકાનો સુધી આવી પહોંચ્યા હતા. શહેરભરના શોપિંગ સેન્ટર્સ અને એપાર્ટમેન્ટના બેઝમેન્ટ પાર્કિંગમાં ઉભેલી સેંકડો કાર તેમજ બાઈક જેવા વાહનો કલાકો સુધી પાણીમાં ડૂબેલા રહેતા તેમના એન્જિન અને ઈલેક્ટ્રોનિક સિસ્ટમ ફેઈલ થઈ ગયા હતા. પૂરના પાણી ઉતર્યા બાદ પણ વાહનો સ્ટાર્ટ ન થતાં વાહનચાલકો

...અનુસંધાન પાના 8 પર

### સુરત જિલ્લામાં પડેલા વરસાદની વિગત

| તાલુકા | વરસાદ (મીમી) |
|---|---|
| ઓલપાડ | 47 |
| માંગરોળ | 50 |
| ઉમરપાડા | 158 |
| માંડવી | 76 |
| કામરેજ | 43 |
| સુરત | 32 |
| ચોર્યાસી | 51 |
| પલસાણા | 21 |
| બારડોલી | 36 |
| મહુવા | 15 |
| અરેઠ | 42 |
| અંબિકા | 57 |

# બીજા દિવસે પણ સુરતમાં આ વિસ્તારોમાંથી પાણી ઓસર્યાં નથી

**વિવિધ** ઝોન મળીને આશરે 36 જેટલા રસ્તા અને વિસ્તારોમાં હજુ પાણી ભરાયેલા છે

સુરતઃ સુરતમાં ભારે વરસાદ અને ખાડીપૂરને કારણે ભરાયેલા પાણી અનેક વિસ્તારોમાં આજે પણ યથાવત જોવા મળ્યા હતા. બુધવારે વરસાદના વિરામને કારણે કેટલાક વિસ્તારોમાંથી પાણી ઉતરવાની શરૂઆત થઈ હતી પરંતુ વિવિધ ઝોન મળીને આશરે 36 જેટલા રસ્તા તેમજ વિસ્તારો એવા હતા કે ત્યાં બુધવારે પણ પાણી ભરાયેલાની સ્થિતિ જોવા મળી હતી.

#### સરથાણા ઝોન

- ગઢપુર રોડ
- કઠોદરા ગામ
- વ્રજચોક
- વાલમ નગર
- વી ટી નગર



સારોલી

#### સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન

- ગોવિંદ નગર ગરનાળા મેઈન રોડ
- પર્વત એસપીએસ થી પર્વત ચોરાહા
- ગુરુદત્ત માર્ક પોઈન્ટ રોડ
- ગુરુદત્ત ઉમિયા ચોક રોડ
- ઝોન ઓફિસ રોડ
- માનસરોવર સુડા બોર્ડર રોડ
- મીઠીખાડી આખો વિસ્તાર
- રતનજીનગર
- મઝદાપાર્ક
- કમરુનગર આવાસ
- વીર આહીર ચોક થી ડીએમડી માર્કેટ
- સાંઈ આશિષ સોસાયટી
- માધવ બાગ
- ગોપાલ નગર સોસાયટી

#### ઉધના અને સચિન-કનકપુર ઝોન

- વડોદથી બમરોલીમાં અમીઝરા રેસિડેન્સી સુધીનો રોડ
- સચિન કોમ્યુનિટી હોલ પાસે
- કનસાડ પાલી રોડ
- સુંદર નગર ખાડી નજીક, ઉન
- આઝાદનગર, રસુલાબાદ

#### સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

- ખાટુ શ્યામ મંદિર, વીઆઈપી રોડ
- ONGC બ્રિજ, સુરત ડુમસ રોડ

# સુરતમાં વરસાદના કારણે બે દિવસમાં 22નાં મોત

**કરંટ** લાગતા, ડૂબી જવા, ઝાડ ધરાશાયી થતાં મોતનો આંક વધ્યો

સુરતઃ સુરતમાં સોમવાર સાંજથી મંગળવાર સાંજ સુધી પડેલા ભારે વરસાદના કારણે વરસાદને લગતી ઘટનાઓમાં 22 લોકોનાં મોત થયા છે. આ આંકડો વધી શકે છે.

પાણી ધીમે ધીમે ઓસરવાની સાથે શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી એક પછી એક મૃતદેહ મળી આવતાં મૃત્યુઆંકમાં સતત વધારો થઈ રહ્યો

...અનુસંધાન પાના 8 પર

### બુધવારે જાહેર થયેલા મોતના આંકડા

| વિસ્તાર | મૃતકનું નામ અને ઉંમર | મોતનું કારણ |
|---|---|---|
| ભીમરાડ પટેલફળિયું | દેવ પટેલ (20 વર્ષ) | કરંટ લાગતા |
| પાંડેસરાના સીતાનગર | સત્યમ શ્રીવાસ્તવ (16 વર્ષ) | તણાઇ જવાથી |
| પુણાગામ જમનાનગર | મહેશ જાલોદરા (45 વર્ષ) | મૃતદેહ મળી આવ્યો |
| પુણાગામ વિષ્ણુનગર | પરેશસિંહ ખેંગાર (30 વર્ષ) | પાણીમાં કરંટ લાગ્યો |
| વેડરોડ | નરેન્દ્ર વાનખેડે (31 વર્ષ) | પાણીમાં ડૂબી જવાથી |
| ડિંડોલી મહાદેવનગર | પ્રશાંત કાપરે (58 વર્ષ) | – |
| પાંડેસરા નાગસેનનગર | અનુભવ કોરી | ડૂબી જવાથી |
| વડોદ મારુતિ આવાસ | ભોલાભાઈ હરિજન (18 વર્ષ) | અગાસીમાંથી પડી જતાં |
| ભેસ્તાન | રામભાવ કાહલે (73 વર્ષ) | પાણીમાં પડી જતાં |
| સચિન | સંજીત મહંતો (41 વર્ષ) | ડૂબી જવાથી |
| ડિંડોલી | અજાણ્યો યુવક | ડૂબી જવાથી |

### મંગળવારે જાહેર થયેલા મોતના આંકડા

| વિસ્તાર | મૃતકનું નામ અને ઉંમર | મોતનું કારણ |
|---|---|---|
| માનદરવાજા બાખડ મહોલ્લો | અલીના કુરેશી (6 વર્ષ) | કરંટ લાગતા |
| ડિંડોલી સરસ્વતીનગર | વિનોદસિંગ (16 વર્ષ) | કરંટ લાગતા |
| મીઠીખાડી લિંબાયત | શાહિદ સિદ્દિકી (18 વર્ષ) | કરંટ લાગતા |
| પાંડેસરા ઇશ્વરનગર | સુરેશ પાંડે (56 વર્ષ) | કરંટ લાગતા |
| કતારગામ ગજેરા સર્કલ | રિશીતા મિસ્ત્રી (22 વર્ષ) | વીજળી પડતાં |
| સચીન મહાવીર સોસાયટી | શ્રેયા ઠાકુર (7 વર્ષ) | ખાડામાં ડૂબી જતા |
| સચીન મહાવીર સોસાયટી | ક્રિષ્ણા ઠાકુર (6 વર્ષ) | ખાડામાં ડૂબી જતાં |
| સૈયદપુરા ખારીશેરી | અરુણકુમાર પંડિત (33 વર્ષ) | વૃક્ષ તૂટી પડતાં |
| કતારગામ ધનમોર | નરેશભાઈ પીપલીયા (ઉં.વ 44) | વૃક્ષ નીચે દબાતા |

### ઉનમાં બે સગા ભાઈઓના ડૂબી જવાથી મોત, એકના બે દિવસમાં લગ્ન હતાં

ઉન વિસ્તારમાં રહેતા હારુક અખ્તર અંસારી (21) અને તેમના ભાઈ ફારુક (18) સોસાયટી પાસે ભરાયેલા પાણીમાં ડૂબી ગયા હતા. બીજા દિવસે બંનેના મૃતદેહ મળી આવ્યા હતા. હારુકના બે દિવસ બાદ લગ્ન નક્કી હતા, જેના કારણે પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી.

### સુરત-મુંબઈ રેલવે ટ્રેક 12 કલાક બંધ રહ્યો

# સચિન નજીક માટી ધસી પડતાં 39 ટ્રેન કેન્સલ

**વંદે** ભારત, ડબલ ડેકર, કર્ણાવતી અને સયાજી સહિતની ટ્રેન રદ

**70** હજારથી વધુ મુસાફરો અટવાયા

સુરતઃ ભારે વરસાદના કારણે સચિન અને ભેસ્તાન સ્ટેશન વચ્ચે આવેલા રેલવે બ્રિજ નંબર-428 પર પાણીનું સ્તર સ્ટીલ ગર્ડરના નીચેના ભાગ સુધી પહોંચી જતા અને માટી ધસી પડતાં મંગળવારે સાંજે 7:00 વાગ્યે આ સેક્શન પર રેલ વ્યવહાર તાત્કાલિક અસરથી બંધ કરી દેવાયો હતો. ત્યારબાદ સાંજે 7:20 વાગ્યે ભેસ્તાન-ઉધના સેક્શનમાં પણ પાણી ભરાઈ જતાં અપ અને ડાઉન બંને લાઈનો પર ટ્રેનોની અવરજવર સંપૂર્ણપણે થંભી ગઈ હતી. આશરે 12 કલાક સુધી રેલ વ્યવહાર પ્રભાવિત રહ્યા બાદ બુધવારે 8 જુલાઈના રોજ સવારે 6:50 વાગ્યે પાણી ઓસરતા ટ્રેનોની અવરજવર ધીમે-ધીમે પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. સવારે 6:55 વાગ્યે અપ મેઈન લાઈનને ફિટ જાહેર કરાઈ હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખીને પહેલી ટ્રેનને 10 કિમી પ્રતિ કલાક અને ત્યારબાદની ટ્રેનોને 15 કિમી પ્રતિ

...અનુસંધાન પાના 8 પર

### 8 જુલાઈએ સંપૂર્ણપણે રદ કરાયેલી મુખ્ય ટ્રેનો

- 22961 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ
- 12931 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ ડબલ ડેકર એક્સપ્રેસ
- 12933 બાંદ્રા ટર્મિનસ - અમદાવાદ કર્ણાવતી એક્સપ્રેસ
- 20907 દાદર - ભુજ સયાજીનગરી એક્સપ્રેસ
- 19057 સુરત - મંગલુરુ જંક્શન એક્સપ્રેસ
- 69164 દહાણુ રોડ - પનવેલ મેમુ
- 69165 પનવેલ - વસઈ રોડ મેમુ
- 69168 વસઈ રોડ - પનવેલ મેમુ
- 69167 પનવેલ - વસઈ રોડ મેમુ
- 69166 વસઈ રોડ - પનવેલ મેમુ
- 69161 પનવેલ - દહાણુ રોડ મેમુ
- 61002 દહાણુ રોડ - બોરીવલી મેમુ
- 61001 બોરીવલી - વસઈ રોડ મેમુ
- 61003 વસઈ રોડ - દહાણુ રોડ મેમુ

### આજથી શાળા-કોલેજો શરુ, અસરગ્રસ્ત વિસ્તારોના આચાર્યને વિવેકબુદ્ધિથી નિર્ણય લેવા સૂચના

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા બે દિવસથી વરસેલા ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. સતત વરસાદને પગલે જનજીવન પ્રભાવિત થયું હતું અને સુરક્ષા તેમજ સાવચેતીના ભાગરૂપે 7 અને 8 જુલાઈના રોજ શહેરની શાળા અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી.

જોકે બુધવારે વરસાદનું જોર ઘટતા શહેરના અનેક વિસ્તારોમાં સ્થિતિ ધીમે ધીમે સામાન્ય બનવા લાગી છે. વરસાદમાં ઘટાડો થતાં શહેરીજનો તેમજ વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. પાણીનો નિકાલ થવા સાથે રોજિંદી કામગીરી પણ ફરી શરૂ થવા લાગી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુરુવાર, 9 જુલાઈથી સુરત શહેરની શાળા અને કોલેજો રાબેતા મુજબ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓનું શૈક્ષણિક નુકસાન ન થાય તે માટે નિયમિત વર્ગો ફરી શરૂ કરવામાં આવશે. જોકે શહેરના કેટલાક વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયેલા છે અને વરસાદની અસર યથાવત છે. આવા અસરગ્રસ્ત વિસ્તારોની શાળા અને કોલેજોના આચાર્યો તેમજ સંચાલકોને સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને

...અનુસંધાન પાના 8 પર

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સુરત-વલસાડના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે

**સુરતમાં** મુખ્યમંત્રી ભારે વરસાદ અને ખાડીપૂરની સમીક્ષા કરશે, કેબિનેટની મીટિંગમાં નિર્ણય લેવાયો

સુરત, ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં સર્જાયેલી ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવતીકાલે સુરત અને વલસાડ જિલ્લાના વરસાદગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લેવાનો નિર્ણય કર્યો છે. અસરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિનો પ્રત્યક્ષ તાગ મેળવવા, રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરવા તેમજ સ્થાનિક તંત્ર સાથે બેઠક યોજવા મુખ્યમંત્રી કાલે બંને જિલ્લાઓના પ્રવાસે જશે. મંગળવારે ગાંધીનગરમાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સમગ્ર વરસાદી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી બપોરે અંદાજે 12:30 કલાકે સુરત એરપોર્ટ પહોંચશે. ત્યારબાદ તેઓ ઉધના મગદલ્લા રોડ પર બ્રેડલાઈનર સર્કલ નજીક આવેલા મનપાના ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર (ICCC) ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજશે. જેમાં સુરતમાં ભારે વરસાદની સાથે ખાડીપૂરની સ્થિતિની પણ સમીક્ષા કરશે.


મંત્રીમંડળની બેઠક બાદ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, સીએમ ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સમગ્ર રાજ્યમાં વરસાદની સ્થિતિ, રાહત અને બચાવ કામગીરી તથા વહીવટી તંત્રની તૈયારીઓ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં ચાલી રહેલી કામગીરીનો જાતે તાગ મેળવવા મુખ્યમંત્રી આવતીકાલે સુરત અને વલસાડ જિલ્લાની મુલાકાત લેશે. પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ રાજ્યના તમામ વરસાદગ્રસ્ત જિલ્લાઓમાં સ્થાનિક મંત્રીઓ તેમજ પ્રભારી મંત્રીઓને તાત્કાલિક સ્થળ મુલાકાત લેવાના નિર્દેશ આપ્યા છે. તેમણે વહીવટી તંત્રની સજ્જતા, રાહત અને બચાવ કામગીરી તેમજ આપત્તિ વ્યવસ્થાપનની તૈયારીઓની વ્યક્તિગત સ્તરે સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન આપવા પણ સૂચના આપી છે.

સુરતની સમીક્ષા બેઠક દરમિયાન

...અનુસંધાન પાના 8 પર


અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

પંદરમી પુણ્યતિથિએ સ્નેહભરી શ્રદ્ધાંજલિ



સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં, જીવનભર મહેનત કરીને શૂન્યમાંથી સર્જન કરી ધૂપસળી ની માફક જીવન જીવી સુગંધ ફેલાવી, જીવન પથના કાંટા સહન કરી કુટુંબ માટે ફૂલો પાથર્યા. પરોપકારી અને નિઃસ્વાર્થ આપનું જીવન સદા અમોને પ્રેરણાદાયી રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સ્વ. અમરતભાઈ છોટુભાઈ નાયક
સ્વ.તા.૯-૭-૨૦૧૧
લિ.
ગં.સ્વ ગીતાબેન એ. નાયક
જયેશ નાયક (મર્કન્ટાઈલ બેન્ક) | દેવર્ષિ નાયક
દર્શન નાયક (મહામંત્રી, પ્રદેશ કોંગ્રેસ, સમિતિ અને સાયણ સુગર ડિરેક્ટર) | ભાવિની નાયક
ઉમંગ નાયક (એસ.એમ.સી) | છાયા નાયક (પ્રો.અમરોલી કોલેજ)
દીપ, શિવ, રિયા, ધ્યેય
(મુ.પો.સાંધીએર,,તા.ઓલપાડ,જિ.સુરત)

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



અમારા જીવનનું ઘડતર કરી આપે અમોને ઉજ્જવળ બનાવ્યા, તમારા સંસ્કારોથી અમો આપના પુરૂષાર્થ થકી જીવનમાં સફળતા પામ્યા, જીવનભર આપના અમીભર્યા આશીર્વાદ અમારા પર વરસતા રહે. આપના પુણ્યશાળી દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના..
સ્વ. નયનાબેન દીપકભાઈ પટેલ
સ્વ. તા. ૦૯/૦૭/૨૦૨૫
અષાઢ સુદ ચૌદશ, બુધવાર
લિ.
દીપકભાઈ ધનજીભાઈ પટેલ
નરેશભાઈ ધનજીભાઈ પટેલ
ચેતનભાઈ ધનજીભાઈ પટેલ
કેયુરકુમાર માધુભાઈ પટેલ (જમાઈ) | હર્ષિતકુમાર ધીરજભાઈ પટેલ (જમાઈ)
એકતા કેયુરકુમાર પટેલ (દિકરી) | જીગિષા હર્ષિતકુમાર પટેલ (દિકરી)
તથા સમસ્ત પરિવાર

૧૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ




જીવન નશ્વર છે આત્મા અમર છે, કોણ કયારે વિદાય લેશે એ કહેવું મુશ્કેલ છે, વિતેલી પળો યાદ આવતા રોવું પડે છે, જે અમૂલ્ય હોય એને જ ખોવું પડે છે, વાસ્તવિકતા અને કલ્પના ભલે વિરૂધ્ધ હોય, તોયે પ્રભુ ઈચ્છા આગળ ઝુંકવું જ પડે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.
સ્વ. ભાનુબેન નવનીતભાઈ પટેલ
સ્વ.તા: ૦૯/૦૭/૨૦૧૫
લિ.
સ્વ.નવનીતભાઈ ગોસાઈભાઈ પટેલ (પતિ)
ભાવિનભાઈ નવનીતભાઈ પટેલ (પુત્ર)
નૈનિષાબેન ભાવિનભાઈ પટેલ(પુત્રવધુ)
કૌશિકભાઈ નવનીતભાઈ પટેલ (પુત્ર)
પાયલબેન કૌશિકભાઈ પટેલ(પુત્રવધુ)
અંકિતભાઈ નવનીતભાઈ પટેલ (પુત્ર)
સલોનીબેન અંકિતભાઈ પટેલ(પુત્રવધુ)
આરવ,આર્યા,પંથ,રિયાંશી,ક્રિશિવ,પાશ્વી તથા સમસ્ત પરિવાર
સ્થળઃ કરિશ્મા સ્ટ્રીટ,મગદલ્લા, સુરત.

ક્ષત્રિય દુઃખદ અવસાન- બેસણું



સ્વ. મયુર અરવિંદલાલ ભગતવાલા
જન્મ. તા.૦૮-૧૧-૧૯૭૪ સ્વ. તા. ૦૮-૦૭-૨૦૨૬ બુધવાર જેઠ વદ આઠમ
દિલગીરી સહ જણાવવાનું કે અમારો સુપુત્ર સ્વ. મયુર અરવિંદલાલ ભગતવાલાનું તા. ૦૮-૦૭-૨૦૨૬ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.
॥ નોંધ ॥ સૂતકમાં ભેગા થવાનું અને તેલ નાખવાની વિધિ બંધ રાખી છે.
સદ્‌ગતનું બેસણું :- તા. ૦૯-૦૭-૨૦૨૬ ને ગુરૂવાર ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.
॥ બેસણાનું સ્થળ ॥ કાશીબા ભવન, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરત.
લિ. શોકાતુર
અરવિંદલાલ મુળચંદદાસ ભગતવાલા
ગં.સ્વ ભુમિકા મયુર ભગતવાલા
અનિલ- ડેનીશ- હર્ષિત- દેવર્ષ
તથા સમસ્ત ભગતવાલા પરિવાર

પ્રાર્થના સભા



શૂન્યમાંથી સર્જન કરી જીવન એવું જીવી ગયા કે સૌના પથ દર્શક બની ગયા. દુઃખને દેખાડયુ નહિં સુખને છલકાવ્યુ નહિં, જીવનભર મહેનત કરી સમગ્ર પરિવારનું ભલું કર્યુ. સમાજમાં સુવાસ ફેલાવી. સેવા, સંસ્કાર અને સમર્પણની જ્યોત જલાવી, તમારી ખોટ કદી પુરાશે નહિં.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.
સ્વ. કાંતિલાલ નગીનદાસ ચૌહાણ
સ્વ. તા. 06-07-2026
સદ્‌ગતની પ્રાર્થના સભા
તારીખ : ૧૦ જૂલાઈ ૨૦૨૬ – શુક્રવાર
સમય : સાંજે – ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
સ્થળ : દયાળજી આશ્રમ, મજુરાગેટ (ગ્રાઉન્ડ ફ્લોર – એસી હોલ)
સ્વ. શકુંતલાબેન કાંતિલાલ ચૌહાણ (પત્નિ)
લિ. દિપ્તી – અનિમેષ મયંક (પુત્રી-જમાઈ)
નીતુ – ઉમેશ પરમાર (પુત્રી-જમાઈ)
સ્વ. ચૈતાલી કાંતિલાલ ચૌહાણ (પુત્રી)
દિવિતા – દર્શન ચાવડા (પુત્રી-જમાઈ)
વિકિશા – જયરાજ બચકાનીવાલા (પુત્રી-જમાઈ)
અક્ષર, રિયા, યુવરાજ, અનુરાગ (પૌત્ર, પૌત્રી)
આપને ભાવભીની શ્રદ્ધાંજલિ...
ફર્મઃ કાન્તેક્ષ ટેક્ષુરાઈઝર્સ | ॥ ૐ શાંતિ ॥ આપની દિકરીઓ | ફર્મઃ યાર્નવાલા પરિવાર